# કૃષિ સંશોધન કેન્દ્રટ (પિયત પાકો), આ.કૃ.યુ., ઠાસરા દ્વારા "એક દિવસીય ખેડુત શિબિર"નું આયોજન

કૃષિ સંશોધન કેન્દ્ર (પિયત પાકો), આણંદ કૃષિ યુનિવર્સીટી ઠાસરા., દ્વારા નર્મદા કમાન્ડ વિસ્તારના ખેડુતોને આધુનિક ખેતી વિષયક માહિતી મળી રહે તે હેતુસર**"મર્યાદિત પિયત દ્વારા ચણાની ખેતી અને કપાસ–દિવેલા રીલે પાક પધ્ધતિ"** વિષય ઉપર ભારતભાઇ હિંમતભાઇ પરમારના ખેતરે, ગામ – સલુણ, તા. ઠાસરા ખાતે તા. ૯-૧-૨૦૧૮ ના રોજ એક દિવસીય ખેડુત શિબિરનું આયોજન ક્રવામાં આવેલ હતુ. જેમાં 72 ખેડુત ભાઈઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે ડાં.એ.એસ. પટેલે દિવેલા અને ચણાના પાકની વૈજ્ઞાનિક ખેતી તેમજ પાક સંરક્ષણ વિષે અને શ્રી આર. એમ. પટેલે જમીન આરોગ્ય અને જમીન નમુનાનું પ્રુથ્થકરણબાબત સમજ આપી હતી. કેન્દ્રના વડા ડાં.આર.પી.કાચા સહ સંશોધન વૈજ્ઞાનિક શ્રી એ ઠાસરા કેન્દ્રની વિવિધ સંશોધન પ્રવુત્તિઓ વિષે માહિતી આપી તેમજ શિયાળુ પાકોની વૈજ્ઞાનિક ખેતી, પાણીનો કાર્યક્ષમ ઉપયોગ, સૈન્દ્રિય ખેતી પધ્ધતિ, ખેતીમાં વેલ્યુ એડિશન વિગેરે દ્વારા ખેડુતોની આવક બમણી કરવા માટે ખેડુતોને ખાસ વ્યાખ્યાન આપ્યુ હતું.


એક દિવસીય ખેડૂત તાલીમ શિબીર


એક દિવસીય ખેડૂત તાલીમ શિબીર

એક દિવસીય ખેડૂત તાલીમ શિબીર